# શહીદ વીરને પુષ્પાંજલિનો કાર્યક્રમ (જાસપુર ગામ)

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી અંતર્ગત Extension Activity Cell દ્વારા જાસપુર અને દંતાલી ગામને દત્તક લીધેલ છે. જેમાં દત્તક લીધેલ જાસપુર ગામમાં સોલંકી મનુભાઈ ધૂળાભાઈ  નામના CRPF ના વીર જવાન શહીદ થયેલ. આ આકસ્મિક સંજોગને કારણે તા.26/02/2021 શુક્રવારના રોજ બપોરે 12:00 કલાકે ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના સભ્યોશ્રીઓએ જાસપુર ગામની મુલાકાત લીધેલ. જેમાં યુનિવર્સિટીના ડૉ. આવા શુક્લા ( નિયામક SS) અને Extension Activity Cell ના ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિએટ પ્રોફેસર – લાયબ્રેરી સાયન્સ), ડૉ.સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ), શ્રી કિંજલબેન પરમાર (આસિસ્ટન્ટ પ્રોફેસર- લાયબ્રેરી સાયન્સ) ના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. સૌ પ્રથમ વીર શહીદને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. ત્યારબાદ વીર આત્માને શાંતિ માટે ગાયત્રી મંત્રથી પ્રાર્થના કરવામાં આવી. યુનિવર્સિટીના સભ્યો દ્વારા તેમની પત્નીને શાલ ઓઢાડી સાંત્વના આપવામાં આવી. અને યુનિવર્સિટી દ્વારા તે વીર વધૂ તેમજ તેમના બાળકોને આગળ અભ્યાસ માટે પ્રેરણા આપવામાં આવી.

આવા કાર્યક્રમના માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ અમે સૌ માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.








